BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

''જ્યોતિર્મય પરિસર'' ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
એસ. જી. હાઈવે, છારોડી, અમદાવાદ - 382 481

E-mail : baou.admission@baou.edu.in ; Website : www.baou.edu.in

ટોલ ફ્રી નંબર : 1800 233 1020



## પ્રવેશ જાહેરાત -2026 (પ્રવેશ ઓનલાઇન)

## બી.એડ્. (ODL)

**(ગુજરાતી માધ્યમ/બે વર્ષનો દૂરવર્તી ઈન-સર્વિસ ટીચર્સ અભ્યાસક્રમ)**

**NCTE દ્વારા માન્ય બેઠકો 500+50(EWS)**

- અભ્યાસક્રમની કુલ ફી : 35,000/- ● માધ્યમ : ગુજરાતી
- અભ્યાસક્રમનો લઘુત્તમ સમયગાળો : બે વર્ષ

**બી.એડ્. પ્રવેશ માટે યોગ્યતા :** NCTE દ્વારા માન્ય શૈક્ષણિક સંસ્થામાંથી Face to Face Modeથી PTC, D.Ed., D.El.Ed., C.P.Ed., B.P.Ed. (સંસ્થાના NCTE કોડ નંબર સાથેનું પ્રમાણપત્ર પ્રવેશફોર્મ સાથે જોડવું) જેવો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા શિક્ષક તરીકે હાલ સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં લઘુત્તમ બે વર્ષનો પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપતા હોવા જોઈએ તેમજ UGC માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી/તક્નિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોય તેવા નોકરીમાં કાર્યરત (In-Service Teachers) શિક્ષકો જ આ અભ્યાસક્રમમાં અરજી કરી શકશે. (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ) તેમજ પ્રવેશ પરીક્ષામાં ઓછામાં ઓછા 40% (150માંથી 60) ગુણ મેળવનાર ઉમેદવાર મેરીટ ક્રમ મુજબ પ્રવેશપાત્ર બનશે.

## બી.એડ્. (સ્પેશ્યલ એજ્યુકેશન)(ODL)

**ભારતીય પુર્નવાસ પરિષદ (RCI) દ્વારા માન્યતા પ્રાપ્ત**
**શ્રવણમંદતા ધરાવતા વિદ્યાર્થીઓના શિક્ષક બનવા માટેનો શિક્ષણનો અભ્યાસક્રમ**

**RCI દ્વારા માન્ય બેઠકો 40+04(EWS)**

- અભ્યાસક્રમની કુલ ફી : 45,000/- ● માધ્યમ : ગુજરાતી
- અભ્યાસક્રમના કુલ સત્રો : 5 (અઢી વર્ષ)

**સ્પે.બી.એડ્. પ્રવેશ માટે યોગ્યતા :** માન્ય યુનિવર્સિટીમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ વિદ્યાશાખામાં લઘુત્તમ 50% ગુણ અને ઈજનેરી/ તક્નિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન વિષયમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક (SC/ST અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા 5% ગુણની છૂટછાટ)

**આવેદનપત્ર માટેની સામાન્ય વિગતો :** પ્રવેશ માટેના આપેલ લાયકાત ધોરણો પૂર્ણ થાય તો જ,ગુજરાત સરકારના કોમન એડમિશન સર્વિસના (GCAS)પોર્ટલ https://gcasstudent.gujgov.edu.in/ પર તા.13/08/2026 થી તા.28/09/2026 સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. GCAS પોર્ટલ પર સંપૂર્ણ રજીસ્ટ્રેશન કર્યા બાદ BAOU પોર્ટલ પર લોગ ઈન કરીને ફોર્મ ભરવાની આગળની પ્રક્રિયા કરવાની રહેશે. સંપૂર્ણ વિગતો તા.30/09/2026 સુધીમાં ઓનલાઇન ભરી જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ અથવા રજી.એ.ડી.થી તા.05/10/2026 સુધીમાં હાર્ડકોપી યુનિવર્સિટીના કાર્યાલય સમયમાં સ્વીકારવામાં આવશે.

**ઈ-માહિતી-માર્ગદર્શન પુસ્તિકા, અભ્યાસકેન્દ્રો વિષયક માહિતી, પ્રવેશ પદ્ધતિ, પ્રવેશ યોગ્યતા અને અન્ય વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ www.baou.edu.in પર જોવા મળશે.**

તા. 13/08/2026

કા. કુલસચિવ